**ફોજદારી કેસ નંબર:- 4281/2026**

**વાપી ના મહે.બીજા એડીશ્નલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ શ્રી ની કોર્ટમાં.**

## :: ચુકાદો ::

આ કામે આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ કલમ ૨૮૫ મુજબનો ગુન્હાનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે આરોપી હાજર થતા સદરહુ ગુનો કબૂલ કરી ગરીબ તથા કુટુંબ ધરાવતા માણસ હોવાનું જણાવે છે અને તે મુજબની કબુલાત પુરસીસ રજુ રાખેલ છે. આરોપી સદર ગુનો કબુલ કરતા હોય આરોપીની કબુલાત સ્વેચ્છિક જણાઈ આવે છે. તે ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને આરોપીને ગુનાનો પસ્તાવો થતો હોય તેમજ કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે. ગુનેગારને ડામવાનો નથી તથા આરોપીને સુધરવાની તક મળે તથા સજા અંગેની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત વડી અદાલતનો નટવરજી હરચંદજી ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત,૨૦૦૫(૧) જી.એલ.આર પાના નં ૭૦૯ ઉપર પ્રાકાશીત ચુકાદા ના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં લઈ તથા હાલના કેસના સંજોગો ને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નીચે પ્રમાણેનો હુકુમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

આ કામના **આરોપી– આદીત્ય S/O રાજેન્દ્ર આઉટે** ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ ૨૭૫ અન્વયે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ કલમ ૨૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવીને **રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)** નો દંડ કરવામાં આવે છે અને જો દંડ ના ભરે તો **દિન–૩** ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકુમ કરવામાં આવે છે.

આજ તારીખ:૧૧ માહે જુલાઈ, સને ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત મેજીસ્ટ્રેટશ્રીની ખાસ સીટીંગમાં આ આખરી હુકમ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

**તારીખ : ૧૧/૦૭/૨૦૨૬**
**સ્થળ : વાપી**

**(મોહંમદ ફરહાદ સલીમ લોહીયા)**
**બીજા એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**તાલુકો–વાપી, જિલ્લો–વલસાડ**
**UID no. GJ01676**